## વડીલોને વંદન અભિનંદન


લાલભાઈ સારાભાઈ પટેલ
(૧૯૪૭)મો. ૯૪૨૭૪૫૫૪૧૭


નિશીથ અરૂણોદય દિવેટીયા
(૧૯૫૪)મો. ૯૪૨૬૩૪૦૦૦૯


ગણપતભાઈ એન. પરમાર
(૧૯૪૮)મો. ૯૨૨૮૮૮૨૩૪૮

# વિજાપુર માર્કેટયાર્ડ કો. ઓપરેટીવ ક્રેડિટ સોસાયટી લિમિટેડનો રજત જયંતિ મહોત્સવ યોજાયો



મહેસાણા, તા. ૧૭

મહેસાણા જિલ્લાના વિજાપુર ખાતે આવેલ ધી વિજાપુર માર્કેટ યાર્ડ કો. ઓપરેટીવ સોસાયટી લિમિટેડનો રજત જયંતિ મહોત્સવ ઉજવવામાં આવ્યો હતો. ક્રેડિટ સોસાયટી દ્વારા વિકાસ પથના ૨૫ વર્ષ પુર્ણ કરવાની ઉજવણીના સહભાગી રાજ્યના શહેરી ગૃહ નિર્માણ મંત્રીશ્રી શંકરભાઈ ચૌધરી ઉપસ્થિત રહ્યા હતા.

ધી વિજાપુર માર્કેટ યાર્ડ ક્રેડિટ સોસાયટીની સ્થાપના ૧૯૯૦-૯૧માં ૧૪૧૬ જેટલા સભાસદોથી શરૂ થી હતી. જે સમયે સોસાયટીનું શેરભંડોળ ૦૫.૯૮ લાખ અને ચોખ્ખો નફો ૨૦૬૪૫ કર્યો હતો. સોસાયટીની સહાકારીતાની કાર્યશૈલી અને જનમત મેળવી સોસાયટીએ ૨૫ વર્ષમાં વિકાસના સોપાન સર કર્યા છે. ચાલુ વર્ષે સોસાયટીના ૩૦૭૮ સભાસદ, ૫૭૮.૪૫ લાખ ફંડ, ૧૭૬૨.૩૨ લાખ થાપણો, ૫૮.૫૯ લાખ શેરભંડોળ થકી ૩૭.૭૫ લાખ નફો કર્યો છે. ક્રેડિટ સોસાયટી દ્વારા સામાજિક જવાબદારી પણ અદા કરી છે. ટીબી હોસ્પિટલમાં ૦૧ લાખ, રોટરી આઈ ક્લબમાં ૨૫ હજાર અને વિદ્યાર્થીઓ માટે નોટબુક ચોપડાનું વિતરણ સહિત તાલુકામાં બાંકડા મુકવાની સરાહનીય વ્યવસ્થા પણ કરી છે. સોસાયટી દ્વારા આ વર્ષે ૦ ટકાના વ્યાજે વિદ્યાર્થીઓને અભ્યાસ માટે લેપટોપ આપવાની શરૂઆત કરી છે જે પ્રતિકાત્મક રૂપે મંત્રીશ્રીએ વિદ્યાર્થીનીને લેપટોપ સ્ટેજ પરથી અર્પીત કર્યુ હતુ. આ ઉપરાંત ક્રેડિટ સોસાયટીના સ્થાપક ગોરધનભાઈ પટેલનું સન્માન મંત્રીશ્રી દ્વારા કરવામાં આવ્યું હતું.

સોસાયટીના રજત જયંતિ મહોત્સવમાં ઉપસ્થિત રાજ્ય આરોગ્ય મંત્રીશ્રી શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે નાણાંકીય સંસ્થાનો માપદંડ તેની ડિપોઝીટ પર છે જે વિજાપુરની ક્રેડિટ સોસાયટીએ લોકવિશ્વાસ સંપાદન કરી ઉત્તરોત્તર વધારો કર્યો છે જેની વિશ્વસનીયતાનું એક ઉત્તમ ઉદાહરણ છે. મહેસાણા જિલ્લો દરેક ક્ષેત્રમાં પ્રભાવશાળી રહ્યો છે. મહેસાણા જિલ્લો ઈતિહાસમાં પણ વર્ચસ્વ ધરાવતો હતો આજે પણ મહેસાણા જિલ્લાએ તેનો ભવ્ય ભુતકાળનો વારસો પકડી રાખ્યો છે. દેશના વડાપ્રધાન, દેશની સૌથી મોટી પાર્ટી ભાજપના વડા, રાજ્યના મુખ્યમંત્રી, આરોગ્ય મંત્રી, ગૃહરાજયમંત્રી સહિતના અગ્રણીઓ મહેસાણા જિલ્લાના છે. મહેસાણા જિલ્લો હંમેશા રાજ્ય તેમજ રાષ્ટ્રના વિકાસમાં માર્ગદર્શક બન્યો છે તેમ જણાવ્યું હતું.

## શ્રી વાંઝી જ્ઞાતિ કર્મચારી મહામંડળ(ગુજરાત)ની વાર્ષિક સાધારણ સભા રાજકોટમાં યોજાશે

ગાંધીનગર, તા. ૧૭

સમગ્ર દેશમાં પથરાયેલા સરકારી, અર્ધસરકારી અને કોર્પોરેટ



ક્ષેત્રના વાંઝી જ્ઞાતિના કર્મચારીઓની વાર્ષિક સાધારણ સભાનું આયોજન આગામી તા. ૩૧મી મે ના રોજ શ્રી વાંઝી જ્ઞાતિની વાડી, લાખના બંગલા પાસે, ગાંધીગ્રામ, રાજકોટ ખાતે કરવામાં આવ્યુ છે.

આ કાર્યક્રમમાં વાંઝી જ્ઞાતિના કર્મચારીઓ અને શ્રેષ્ઠીઓને ઉપસ્થિત રહેવા જયેશભાઈ ગોહેલ અને હર્ષદભાઈ સિકોતરાએ જણાવ્યુ છે.

# એચ-ટાટ પરીક્ષાની તારીખ જાહેર

## ૧૦ ઓગસ્ટથી ઓનલાઈન રજિસ્ટ્રેશન થશે : ૨૦મી સપ્ટેમ્બરે પરીક્ષા લેવાશે

## રાજ્યમાં નવ શહેરોમાં પરીક્ષા : ફોર્મ ભરતી વેળા સેન્ટર માહિતી આપવી પડશે

અમદાવાદ, તા.૧૭

રાજય પરીક્ષા બોર્ડ દ્વારા પ્રાથમિક સ્કુલોમાં મુખ્ય શિક્ષક બનવા માટે ૨૦ સપ્ટેમ્બર રોજ પરીક્ષા લેવામાં આવશે. આ પરીક્ષા માટે ૧૦ ઓગસ્ટથી ઓનલાઈન રજિસ્ટ્રેશનની કામગીરી હાથ ધરાશે. મુખ્ય શિક્ષકની પરીક્ષા રાજયમાં માત્ર ૯ શહેરોમાં જ લેવામાં આવનાર છે. જેથી ઉમેદવારોએ ઓનલાઈન ફોર્મ ભરતી વખતે જ તેઓ ક્યાં સેન્ટર પર પરીક્ષા આપવા માંગે છે તે નક્કી કરવાનું રહેશે મુખ્ય શિક્ષકની પરીક્ષા માત્ર ગુજરાતી માધ્યમમાં જ લેવાશે અને બે વિભાગમાં પરીક્ષા લેવામાં આવનાર છે. પ્રાપ્ત થતી માહીતી મુજબ રાજયમાં આવેલી પ્રાથમિક સ્કુલોમાં મુખ્ય શિક્ષક તરીકે ભરતી કરવા માટે શિક્ષણ વિભાગ દ્વારા પરીક્ષા લેવાનું નક્કી કરાયું છે. આ પરીક્ષા લેવાની જવાબદારી રાજય પરીક્ષા બોર્ડને સોપવામાં આવી છે. મુખ્ય શિક્ષક માટે પરીક્ષા ઉપરાંત બઢતીથી પણ ભરતી કરવામાં આવે છે. આમ સીધી ભરતીથી નિમણૂક માટે રાજય પરીક્ષા બોર્ડ દ્વારા હેડ ટીચર એપ્ટિટ્યુટ ટેસ્ટ (એચ-ટાટ)ની પરીક્ષા લેવામાં આવે છે. આગામી દિવસોમાં રાજય પરીક્ષા બોર્ડ દ્વારા મુખ્ય શિક્ષક માટેની પરીક્ષા લેવામાં આવનાર છે અને તે અંગે સત્તાવાર કાર્યક્રમ જાહેર કરી દીધો છે. મુખ્ય શિક્ષક માટેની પરીક્ષામાં ઉપસ્થિત થવા ઓનલાઈન રજિસ્ટ્રેશનની કામગીરી ૧૦ ઓગસ્ટથી શરૂ થશે અને ૧૯ ઓગસ્ટ સુધી ચાલશે. ઉમેદવારોએ ઓનલાઈન રજિસ્ટ્રેશન કર્યા બાદ પોસ્ટ ઓફિસમાં ૧૦ ઓગસ્ટથી ૨૦ ઓગસ્ટ સુધી ફી ભરવાની રહેશે. મુખ્ય શિક્ષકની પરીક્ષા માટે અનામત કેટેગરીના ઉમેદવારો માટે રૂપિયા ૨૫૦ અને ઓપન કેટેગરીના ઉમેદવારો માટે રૂપિયા ૩૫૦ ફી નક્કી કરવામાં આવી છે. ઓનલાઈન રજિસ્ટ્રેશન અને ફી ભરવાની કાર્યવાહી પૂર્ણ થયા બાદ ૧૪ સપ્ટેમ્બરના રોજ ઉમેદવારો પોતાની હોલ ટિકિટ ડાઉનલોડ કરી શકશે અને ૨૦ સપ્ટેમ્બરના રોજ બપોરે ૧ ૨થી ૨ વાગ્યા દરમ્યાન મુખ્ય શિક્ષકની પરીક્ષા યોજાશે.

## શહેરમાં અગનવર્ષા

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

હતો. બપોરના ૧ વાગ્યાથી લઈ સાંજે ૬ વાગ્યા સુધી આકરા તાપથી બચવા નાગરિકોએ ઘરની બહાર નિકળવાનું ટાળ્યું હતું. મોડી સાંજે પણ ગરમીની અસર વર્તાઇ હતી. ઢળતી સાંજે પણ ગરમ લૂં ફંકાતા નગરજનોને ગરમીની અસરથી છૂટકારો મળ્યો ન હતો. ઘરોમાં એસી ધમધમતા રહયા હતા. વિકરાળ ગરમીની અસરથી નગરના શોપિંગ બજારો પણ ખાલીખમ જાવા મળ્યા હતા. આકરા તાપથી શ્રમજીવીઆની હાલત પણ કફોડી બની હતી. અબોલ પશુ પંખીઓ પણ અગ્નગોળાથી બચવા છાંયડામાં અને વૃક્ષોની ડાળીઓમાં લપાયેલા જોવા મળ્યા હતા. ગરમીથી વિશેષ કરીને મહિલાઓ અને સિનિયર સિટિઝન્સની હાલત વધુ કફોડી બની હતી. ગરમીનો ગ્રાફ સતત ઉંચો જતા નાગરિકો ત્રાહીમામ પોકારી ગયા છે. આકરી ગરમીની અસરથી જનઆરોગ્ય સામે પણ ખતરો મંડરાયો છે. ગઈકાલે પણ હીટવેવની અસરથી ૩૦ નાગરિકો પ્રભાવિત થયા હતા. ગરમીના લીધે નાગરિકો ખાસ કરીને બલ્ડપ્રશર, ચકકર આવવા, ઝાડા ઉલ્ટી તેમજ ડીહાઈડ્રેશનની અસર જોવા મળી રહી છે. આકરી ગરમીથી બચવા નગરજનો અનેક ઘરેલું નુસખા પણ અજમાવી રહયા છે. ગરમીએ કહેર વર્તાવતા નગરજનો ગુંગળામણ અનુભવી રહયા છે. આજે પણ વિકરાળ ગરમીના લીધે ૧૦૮ ને ૧૫ જેટલા કોલ્સ મળ્યા હોવાનું ધ્યાને આવ્યું છે. આકરા તાપથી હરિયાળી પ્રકૃતિ પણ મર્ઝાઈ રહી છે. દિવસ બાદ રાત્રીના સમયે પણ ગરમીની અસર વર્તાતા નાગરિકો વધુ બેચેન બની રહયા છે. ખાસ કરીને મહીલાઓમાં ઉન્માદની બિમારી પણ વધી છે. આજે લધુત્તમ અને મહત્તમ તાપમાન વચ્ચે પણ બમણો તફાવત જોવા મળ્યો હતો. જયારે ભેજના પ્રમાણમાં પણ નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો હતો સવારે ૪૧ ટકા અને સાંજે માત્ર ૧૬ ટકા ભેજનું પ્રમાણ રહયું હતું. આગ વરસતી ગરમીથી માનવજીવન સુન્ન થઈ ગયું છે. ત્યારે નગરજનો પણ ભીષણ ગરમીથી તોબા પોકારી ગયા છે. જયારે ખુલ્લામાં જીવતા શ્રમજીવીઓ પણ ગરમીના કહેરથી દયાજનક સ્થિતિમાં મુકાઈ ગયા છે.

## આજે સેક્ટર-૧ પંચતીર્થ કોમ્પલેક્ષ ખાતે સુંદરકાંડના પાઠ

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગરના સે. ૧ ખાતે તા. ૧૮મી મે સોમવારના રોજ શનિ જયંતિ નિમિત્તે સંજયભારતી ગોસ્વામીની વ્યાસપીઠે સુંદરકાંડના પાઠનું આયોજન કરવામાં આવ્યું છે. આ સુંદરકાંડના પાઠ સે. ૧ના ગાયત્રી મંદિર પાસે પંચતીર્થ કોમ્પલેક્ષમાં સાંજે ૮ વાગે યોજાશે. આ કાર્યક્રમનું આયોજન સે. ૧ના પંચતીર્થ કોમ્પલેક્ષ વહેપારી મહાજન મંડળ દ્વારા કરાયું છે. જેનો લાભ લેવા તમામ ધર્મપ્રેમી જનતાને જાહેર આમંત્રણ આપવામાં આવ્યું છે.

ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
જાહેરાતનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

## હીટવેવ યથાવત

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

રજા હોવાથી રસ્તાઓ સુમસામ દેખાયા હતા. લોકો ગરમીથી બચવા માટે બહાર નિકળ્યા ન હતા. છેલ્લા કેટલાંક દિવસથી પડી રહેલી ભીષણ ગરમી સામાન્ય જનજીવન અસ્તવ્યસ્ત કરી નાખ્યું છે. આકાશમાંથી અંગારા વરસાવતી ગરમીને લીધે રાજયના અનેક વિસ્તારો જાણે ભઠ્ઠી પર શેકાઈ રહ્યા હોય તે રીતે સૂર્ય પ્રકોપના શિકાર બન્યા હતા. ગરમીથી બચવા લોકોને ઘરમાં પુરાઈ રહેવા અથવા ઠંડા કૃત્રિમ વાતાવરણનો આસરો લેવા મજબૂર થવું પડયુ હતું. બપોરથી સાંજ સુધી ગરમીને લીધે રસ્તાઓ સુમસામ દેખાતા હતા. બદલાયેલા ઋતુ ચક્રને કારણે છેલ્લા કેટલાક વર્ષોથી હવામાનમાં આવેલા અણધાર્યો ફેરફારને કારણે માનવજાત અને પશુઓ પર તેની વિપરીત અસર જોવા મળી રહી છે. ગ્લોબલ વોર્મિંગના ખતરનાક પરિણામો હવે જોવા મળી રહ્યા છે. તાજેતરમાં ગુજરાત સહિત દેશ ભરમાં કમૌસમી વરસાદ અને કરા પડયા બાદ એવું લાગતુ હતું કે હવે વાતાવરણ ઠંડુ રહશે. પરંતુ મૌસમે એવી કરવટ બદલી કે ગુજરાત સહિત અનેક રાજયોમાં ભીષણ ગરમીનો ગ્રાફ સત્તત ઉંચે જઈ રહ્યો હોવાથી હવામાન વિભાગે અવાર નવાર હીટ વેવની ચેતવણી જાહેર કરવી પડી છે. અને કેટલાક ભાગોમાં હીટ એલર્ટ પણ જાહેર કરવું પડ્યું છે.

રાજસ્થાનમાં ધૂળલરી આંધી ફૂંકાવવાની પણ ચેતવણી ઉચ્ચારી છે જ્યારે ગુજરાતનું આકાશ અગામી પાંચ દિવસ સુધી સ્વચ્છ રહશે. વાદળોના આગમન કે પ્રિન્મોન્યુન શાવરના કોઈ વર્તારો આવ્યો નથી.

## મુલાકાત લીધી

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

વ્યવસાયલક્ષી તાલીમ આપવામાં આવે છે તો તેઓ પગભર થઈ સમાજમાં કુશળ કારીગરોની ઉભી થયેલી માંગને પુરી પાડી શકે.

મુખ્યમંત્રીશ્રી સમક્ષ તાઈન્જીનના વાઈસ મેયરે ગુજરાત સાથે સ્કીલ ડેવલપમેન્ટ ક્ષેત્રે સહભાગીતા માટેની તત્પરતા પણ વ્યકત કરી હતી.

શ્રીમતી આનંદીબહેને તેનો સકારાત્મક પ્રતિસાદ આપવા કુશળ માનવ બળ નિર્માણ હેતુ ચાયના-ગુજરાત વચ્ચે ટીચર્સ એકસચેન્જ પ્રોગ્રામ શરુ કરવાની નેમ દર્શાવી હતી. આ પ્રોગ્રામને પરિણામે સ્કીલ ડેવલપમેન્ટ ક્ષેત્રમાં જ્ઞાન-કૌશલ્ય આદાન-પ્રદાનથી બંને પક્ષે ફાયદાકારક સ્થિતિ ઉભી થઈ શકે તેમ છે તેમ પણ તેમણે ઉમેર્યું હતું.

મુખ્યમંત્રીશ્રીને આ હે(Haihe) શૈક્ષણિક પાર્કમાં શિષ્યવૃત્તિ અને અભ્યાસક્રમોની ઉપલબ્ધિથી વાઈસ મેયરને વાકેફ કર્યા હતા.

૩૭ હજાર સ્કવેર કિલોમીટરમાં નિર્માણાધીન આ શૈક્ષણિક પાર્કમાં ૫૩ હજાર વિદ્યાર્થીઓ અને ૪૦ હજાર નિવાસી છાત્રોને ઉચ્ચ અભ્યાસ સવલતો પ્રાપ્ત થઈ છે. અહીં લાયબ્રેરી, તાલીમ કેન્દ્રો, વ્યવસ્થાપન કેન્દ્રો જેવી અત્યાધુનિક સુવિધાઓથી પણ વાઈસ મેયરે ગુજરાતના મુખ્યમંત્રીશ્રીને માહિતગાર કર્યા હતા.

મુખ્યમંત્રીશ્રી બૈજિંગથી બુલેટ ટ્રેનની રોમાંચક સફર કરીને આ હે(Haihe) શૈક્ષણિક પાર્કની મુલાકાતે આવ્યા હતા.

## વિશાળ બની શકશો

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

હતુ તે હવે મોબાઈલમાં અને વિકાસ પામતાં તે થમ્બ ટોપ બનશે. વિજ્ઞાનના વિકાસને જોઈએ તો વિચારો જ છે. સિલીકોન ચીપ્સ સસ્તી થઈ જતાં સ્માર્ટ હોમ, સ્માર્ટ રોડ્ઝ ને સ્માર્ટ કીચન પણ આગામી દિવસોમાં આવશે. બાયોલોજીકલ અને જીનેટીકલ સાયન્સ તેમજ નેનો ટેકનોલોજી આ બધી ક્રાંતિ તરફ આગળ વધી રહી છે.

તેમણે આચાર્ય ક્રિપલાણી અને ગાંધીનો ઉલ્લેખ કરી જણાવ્યુ હતુ કે એક વખતે ક્રિપલાણીએ ગાંધીજી સાથે સંવાદ કરતાં કહ્યું હતું કે ઈતિહાસમાં જે ક્રાંતિ થઈ છે તે બધી હિંસક છે ત્યારે ગાંધીજીએ કહ્યુ હતુ કે ઈતિહાસ પરિવર્તન નોંધે છે આપણે અહિંસક લડતથી વિજય મેળવીશુ. આ વિચાર-વિશ્વાસ એ ગાંધીજીને વિશ્વ માનવ બનાવ્યા.

શ્રોતાઓની તાળીઓના ગડગડાટ વચ્ચે ડૉ. બ્રહ્મવિહારી સ્વામીએ વિવિધ ઉદાહરણો અને ટૂંકી વાર્તાઓના દ્દષ્ટાંત સાથે વિચારનું મહત્વ સમજાવ્યુ હતુ. તેમણે યહુદી ધર્મના અભ્યાસ દરમ્યાન વાંચેલા એક દ્દષ્ટાંતને રજૂ કરતાં વિશ્વમાં સત્કર્મને સૌથી શ્રેષ્ઠ અને શક્તિશાળી ગણાવ્યો ત્યારે પૂ. પ્રમુખ સ્વામી મહારાજે તેમને તેમાં સુધારો સૂચવતા માનવીને સત્કર્મ કરવાનો વિચાર આવે તે વધુ મહત્વની બાબત હોઈ વિચારને શ્રેષ્ઠ ગણાવ્યો હતો.

ઈંગ્લેન્ડમાં જન્મેલા અને હાવર્ડ યુનિવર્સિટીમાં મેડીસીન શાખામાં પ્રવેશ મેળવ્યા પછી ભારત આવીને સાધુ થઈ ગયેલા ડૉ. બ્રહ્મવિહારી સ્વામીની અસ્ખલિત વાણીએ શ્રોતાઓને મંત્રમુગ્ધ કરી દીધા હતા. તેમણે ગીવ, ફગીવ એન્ડ બીલીવનો સંદેશો આપતા જણાવ્યું હતું કે તમે અન્ય માટે જગ્યા આપશો તો તમારૂ સ્થાન આપોઆપ વધુ મજબૂત બનશે. દક્ષિણ આફ્રિકાના આઝાદીના લડવૈયા નેલ્સન મંડેલાને કોઈપણ ગુના વગર ૨૭ વર્ષની આકરી જેલ ભોગવવા મજબૂર કરનારને તેમણે માત્ર અડધી મિનિટમાં જ 'માફ' કરી દીધો હતો તે ઉદાહરણ સાથે જીવનમાં ભૂતકાળને ભુલી દુઃખ કે અપમાન આપનારને માફ કરવાની શીખ આપી હતી. પોતાના આત્મબળમાં શ્રદ્ધા રાખો તેવા સંદેશને તેમણે કોહિનૂર હિરાના ઉદાહરણ સાથે સૂચક અને માર્મિક રીતે સમજાવ્યો હતો. તેમણે કહ્યું કે માણસનું મન એક કલાકના ૭૦ હજાર વિચાર કરે છે, જો તેમાંથી માત્ર બે-ત્રણ વિચાર પણ સારા થઈ જાય તો જીવન બદલાઈ જાય. તેમણે અફસોસ વ્યક્ત કર્યો હતો કે જીવનમાં દરેક કાર્યની ટ્રેનિંગ અપાય છે પરંતુ વિચારવાની કોઈ તાલીમ ઉપલબ્ધ નથી.

વિચારનો સદ્ઉપયોગ કરો તો તમે વિશાળ બની શકશો અને દુરપયોગ કરો તો ભ્રમણામાં જીવી શકો તેવુ જણાવતા તેમણે શ્રોતાઓને દરરોજ સાંજે જીવનમાં જેમના પ્રત્યે દ્વેષ હોય તેવી એક વ્યક્તિને ફોન કરી માફી માંગી લેવા અનુરોધ કર્યો હતો. આ સાથે તેમણે દરરોજ સવારે એક વ્યક્તિ જે તમને જીવનમાં મદદરૂપ થઈ હોય તેને ફોન કરીને 'થેન્ક્યુ' કહેવા પણ જણાવ્યુ હતુ. તેમના મતે બાહ્ય પ્રગતિ અને આંતરિક સુખ એ માત્ર મનુષ્યના વિચારને આધિન છે. તેમણે કહ્યું હતુ કે જેમ જેમ સમય વીતે તેમ તેમ પરિવર્તન ક્ષીણ થતુ જાય છે પણ જો વિચારને પકડી રાખશો તો આપોઆપ વિરાટ બની શકશો.

## શબ્દાવલી - ૫૭૩૩



### આડી ચાવી

૧. સંબંધને હિન્દીમાં... કહેવાય (૪)
૪. મવાલી (૩)
૭. તખ્ત, સિંહાસન (૩)
૯. કાર્ય, માટે (૨)
૧૦. પવન, હવા (૩)
૧૨. અવાજ (૨)
૧૩. ઇતરાવું, લેચું મારવું, ... મારવા (૨)
૧૬. ધનુર, એક જાતનો રોગ(૪)
૨૧. વહાણ વડે વેપાર કરવો તે (૪)
૨૩. ચલાવવાની ક્રિયા (૩)
૨૪. શિખર, છેક ઉપરનો ભાગ (૨)
૨૫. ખલ, ચટણી વગેરે વાટવાનું સાધન (૩)
૨૬. પુરતું, ભાર-નિશ્ચય બનાવતો શબ્દ, એક વાહન (૨)

### ઊભી ચાવી

૧. સાથ, સંગાથ (૪)
૨. કાતરવાનું સાધન (૩)
૩. મૃતવ્યક્તિ પાછળ કરાતી પાંચમ તેને ... પાંચમ કહે છે(૨)
૫. પોકારવું, બુમ (૩)
૬. મનાવવું (૪)
૮. સાધના, તપસ્વી... કરે છે (૨)
૧૧. નમક..., (હિન્દી ફિલ્મ)(૩)
૧૪. મધમાખી... બનાવે (૨)
૧૫. હેતુ, ઉદ્દેશ (૩)
૧૭. 'બનવાનું' શબ્દ આડોઅવળો (૩)
૧૮. ધ્વજ, પતાકા, ઝંઝો (૩)
૧૯. મોટા પાનની ભાજી (૩)
૨૦. ધરતીકંપને હિન્દીમાં ... કહેવાય (૩)
૨૨. જોક્સ, રસ ઉપજે તેવી નાનકડી વાત (૩)

### શબ્દાવલી ૫૭૩૨ના જવાબ

**આડી ચાવી :-** (૧) વ્હીસકી (૪) નફરત (૮) સબલ (૯) થડકાર (૧૦) કાન (૧૨) સખા (૧૩) પારીવારીક (૧૬) માન (૧૭) સનસની (૧૯) વખ (૨૦) દ્યયજો (૨૨) તરત (૨૩) કરતબ (૨૪) મર્જ

**ઊભી ચાવી :-** (૧) વ્હીસલ (૨) સબ (૩) કીલકારી (૪) નથ (૫) ફડ (૬) રકાસ (૭) તરખાટ (૧૧) નવાસવા (૧૩) પાનખર (૧૪) રીન (૧૫) કસદાર (૧૬) માવતર (૧૮) નીયત (૨૧) જોબન (૨૩) કર્જ

## ટાઈમલાઈન

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

ચીફ મિનિસ્ટરની હરોળમાં આવવાનો પ્રયાસ કરે છે. નવું શિખવાનું તેઓ ભૂલ્યા નથી. કોઈની સાચી સલાહને સ્વિકારવામાં તેઓ પાછા પડતા નથી. લોકો અને રાજયના વિકાસ માટે કંઈક કરી છૂટવાની તેમની તમન્ના છે.

**ત્રણ મતવિસ્તાર બદલ્યા ...**

આનંદીબેન પટેલનો વિધાનસભા વિસ્તાર ઘાટલોડિયા છે જે તેમની પોલિટીકલ કારકિર્દીનો ત્રીજો વિસ્તાર છે. ૧૯૯૪ થી ૧૯૯૮ સુધી તેઓ રાજયસભાના સભ્ય રહી ચૂક્યા છે. ૧૯૯૮ની વિધાનસભા ચૂંટણીમાં તેઓ અમદાવાદની માંડલ વિધાનસભા બેઠક પરથી ચૂંટાઈ આવ્યા હતા. ૨૦૦૨ની ચૂંટણીમાં તેઓ પાટણના ધારાસભ્ય હતા. ૨૦૦૭માં ફરીથી તેઓ પાટણની વિધાનસભા બેઠક પરથી ચૂંટાઈ આવ્યા હતા, જયારે ૨૦૧૨માં તેઓ અમદાવાદ ચૂંટણી લડવા આવ્યા હતા. કેબિનેટ પ્રધાન થી ચીફ મિનિસ્ટરની સફર કાપનારા તેઓ ભાજપના બીજા મોટાગજાના પ્રદેશ લિડર છે.

**કોઇ ભેદભાવ વિના મુલાકાત ...**

૨૧ નવેમ્બર ૧૯૪૧માં જન્મેલા આનંદીબેન મૂળ સ્કૂલમાં પ્રિન્સિપલ હોવાના કારણે સ્વભાવે કડક છે પરંતુ તેમની લોકો સાથે સંપર્ક કરવાની આદતના કારણે તેઓ પ્રદેશમાં લોકપ્રિય બનતા રહ્યા છે. કહેવાય છે કે તત્કાલિન ચીફ મિનિસ્ટર અને હાલના ભારતના પ્રાઈમ મિનિસ્ટર નરેન્દ્ર મોદી કરતાં વધારે ગુજરાત પ્રવાસ કર્યો છે. બાય રોડ તેઓ પ્રત્યેક જિલ્લામાં ગયા છે. આજે પણ ચીફ મિનિસ્ટર હોવા છતાં તેઓ રોજબરોજ લોકોને મુલાકાત આપે છે, તેમને સાંભળે છે અને મુલાકાતીઓના પ્રશ્નોનું નિરાકરણ લાવવાનો પ્રયાસ કરે છે. કોઈપણ જાતના ભેદભાવ વિના સીએમ બધાંને મળે છે તે તેમનો પ્લસ પોઈન્ટ છે તેવું એક સર્વે કહે છે પણ મુલાકાતી એ મુલાકાતનો દૂરપયોગ કરે તો, તેના પર કોઈ નિયંત્રણ નથી.

**સરકારી વેબસાઇટ્સ ઓફલાઇન ...**

ગુજરાતના સીએમઓ કરતાં દિલ્હીના પીએમઓની વર્કિંગ સ્ટાઈલ જરા અલગ છે. ગુજરાતમાં શરૂ થયેલી ૨૨૫ કતાં વધુ વેબસાઈટ્સ ભલે રિયલ ટાઈમ અપડેટ થતી નથી પરંતુ દિલ્હીની તમામ વેબસાઈટ્સ ઉપર ખૂદ પ્રાઈમ મિનિસ્ટરની નજર હોય છે. ગુજરાતે દિલ્હી પાસેથી આ શિખવું પડે તેમ છે. પ્રેસ ઈન્ફર્મેશન બ્યુરો, ઓલ ઈન્ડિયા રેડિયો, દૂરદર્શનની ન્યૂઝ ચેનલો તેમજ ભારત સરકારની તમામ વેબસાઈટ્સના સંચાલકોએ રિયલ ટાઈમ અપડેશનમાં દેશના અન્ય રાજયોને પાછળ રાખી દીધા છે. ગુજરાતમાં રિયલ ટાઈમ અપડેશનની આ સિસ્ટમનો પ્રવેશ હજી થયો નથી, એ માઈનસ પોઈન્ટ છે. હા, ચીફ મિનિસ્ટરની વેબસાઈટ વેલઅપડેટ છે. તેમનું ફેસબુક અને ટ્વિટર એકાઉન્ટ સમયસર અપડેટ થાય છે.

**MLA અને MP ઓનલાઇન થાય ...**

વિશ્વમાં ઈન્ફર્મેશનનો યુગ ચાલી રહ્યો છે. પળવારમાં સમાચાર જૂના થઈ જાય છે. ભારતની જેમ ગુજરાત પણ ડિજીટલ બનવા જઈ રહ્યું છે અને રાજયના વિસ્તારો એક પછી એક વાઈફાઈ કનેક્ટિવીટી ધરાવતા બની રહ્યા છે ત્યારે સરકારી વેબપોર્ટલ ઉપર લોકોની મીટ મંડાઈ છે. આ સમયમાં એક એવું મિકેનિઝમ બનાવવાની આવશ્યકતા છે કે જે સતત વેબસાઈટ્સ અપડેશન ઉપર નજર રાખી શકે. ધારાસભ્યો અને સંસદસભ્યોને પણ લોકોના પ્રશ્નોના નિકાલની સ્થિતિ ઓનલાઈન કરાવવાનો સમય પાકી ચૂક્યો છે. ગુજરાતનું રિયલ એસ્ટેટ ખાડે ગયું છે. આત્મહત્યા, ખૂન કે લૂંટના બનાવો ઓછા થયા નથી. લોકો મોંઘવારીમાં પરેશાન છે. જાહેરાત જેટલી રોજગારી પેદા થતી નથી.

**મોદીની એક યોજના ડ્રોપ કરી ...**

આનંદીબેનના બાકીના શાસનમાં મુખ્યત્વે નરેન્દ્ર મોદીએ જાહેર કરેલા કામોને પૂર્ણ કરવાની જવાબદારી છે. આ કામમાં ભાજપના મેનિફેસ્ટોની બાબતો પણ આવી જાય છે. રાજયના પાટનગર ગાંધીનગરમાં મોદીનો એક પ્રોજેક્ટ પંચામૃત ભવન હતો, જે મહાત્મા મંદિર અને સચિવાલયને જોડતો બ્રીજ હતો. પ્રેરણા, પુરૂષાર્થ અને પરિણામ આ ત્રણ બાબતોને અનુરૂપ આ પ્રોજેક્ટ લોકજુવાળના કારણે રદ કરવો પડ્યો છે. આ સિવાય બીજી કોઈ યોજના આનંદીબેને બંધ કરી નથી, કે બદલી નથી.

**૧૪ પ્રોજેક્ટ ગુજરાતની દિશા બદલશે ...**

ગુજરાતને સાચા અર્થમાં દિવ્ય અને ભવ્ય બનાવવાનો નિર્ધાર હોય તો એવા ૧૪ પ્રોજેક્ટ છે કે જે સમયસર શરૂ થાય તો ગુજરાતની દિશા બદલાઈ જાય તેમ છે. તત્કાલિન મુખ્યપ્રધાન નરેન્દ્ર મોદીના સ્વપ્નસમા અનેક પ્રોજેક્ટો આજે રાજયમાં આકાર લઈ રહ્યા છે ત્યારે તેનો શ્રેય હાલના મુખ્યપ્રધાન આનંદીબેન પટેલને જાય છે, કારણ કે ગુજરાતનો ભૂતકાળ રહ્યો છે કે ચીફ મિનિસ્ટર બદલાય એટલે અગાઉની યોજનાઓ રદ થાય છે અને નવી યોજનાઓ બને છે. આનંદીબેને અગાઉના ચીફ મિનિસ્ટરના તમામ પ્રોજેક્ટો યથાવત રાખ્યા છે અને ભાવિ પેઢીને કેન્દ્રસ્થાને રાખી ગુજરાતની દિશા બદલવાનો પ્રયાસ શરૂ કર્યો છે.

**ગુજરાતની ૨૪ યોજનાઓ દત્તક ...**

સચિવાલયમાં એવું કહેવાય છે કે ગુજરાત સરકારે ૧૨ વર્ષમાં જે કર્યું છે તેનું અનુકરણ ભારત સરકારમાં થઈ રહ્યું છે. અને ભારત સરકાર જે નવી યોજના જાહેર કરે છે તે ગુજરાતને કેન્દ્રસ્થાને રાખીને કરે છે અને એટલે જ ગુજરાતને સૌથી વધારે લાભ થાય છે. ગુજરાતની એવી ૨૪થી વધુ યોજનાઓ છે કે જેનો અમલ ખુદ ભારત સરકારે કર્યો છે. સોશયલ મિડીયાના આગ્રહી એવા ચીફ મિનિસ્ટરનું પહેલું સ્વપ્ન ગુજરાતને વાઈફાઈ કરવાનું અને ડીજીટલ સ્ટેટ બનાવવાનું છે.

**હવે સ્માર્ટ શહેરોનું નિર્માણ ...**

ચીફ મિનિસ્ટરે ગુજરાતના બીજા મોટા શહેરોમાં મેટ્રોરેલની શક્યતા તપાસવાનું શરૂ કર્યું છે. એ સાથે બીજા શહેરોમાં પણ રિવરફ્રન્ટ યોજના શરૂ કરવાનું પણ તેમનું સ્વપ્ન છે. વાયબ્રન્ટ સમિટ ૨૦૧૫માં ૨૫ લાખ કરોડના ૨૧૦૦૦ એમઓયુ સાઈન કર્યા છે જે એક વિક્રમ છે. હવે તેમનું ગોલ સ્માર્ટ સિટી અને દરિયા કિનારાના શહેરોના વિકાસનો છે. ગુજરાતની બહુહેતુક નર્મદા યોજનાની સાથે કલ્પસર યોજના પણ એટલી જ મહત્વની છે. આનંદીબેન પટેલ માટે પડકાર કરી શકાય તેવી આ કલ્પસર યોજના તેના નિર્ધારિત સમયમાં શરૂ કરવાનો તેઓ ઈરાદો ધરાવે છે. આનંદીબેન પટેલના એજન્ડામાં નવા પ્રોજેક્ટો પણ સામેલ કરવામાં આવ્યા છે. ગાંધીનગરના આંગણે આકાર લઈ રહેલા દેશના પહેલા સ્માર્ટ સિટી તરીકે ઘોષિત થયેલા ગિફ્ટ સિટીને ભારત સરકારનું બળ મળતાં ગુજરાતને ઈન્ટરનેશનલ કક્ષાના પ્લેયરો મળી ચૂક્યા છે, જે રાજયને ફાયનાયન્સયલ હબ બનાવવામાં મદદરૂપ થશે.

**પ્રાઇવેટ પ્લેયર ઉપર વધુ ધ્યાન ...**

ગુજરાત ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ બોર્ડ તરફથી પ્રપોઝ થયેલા ૧૪ પ્રોજેક્ટ પૈકી સ્માર્ટ સિટીનો પ્રોજેક્ટ બહુ મહત્વનો છે. સ્માર્ટ સિટીની યાદીમાં મોદીએ ગુજરાતના અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, ભાવનગર, જૂનાગઢ અને ગાંધીનગરનો સમાવેશ કર્યો છે. ૧૪ પ્રોજેક્ટ પૈકી એક અમદાવાદ મેટ્રોરેલ પ્રોજેક્ટનો પ્રથમ તબક્કો તો શરૂ થઈ ચૂક્યો છે. બીજી તરફ ધોલેરા ઈન્ટરનેશન એરપોર્ટનું કામ ગતિમાં છે. રાજયના બસસ્ટેશનોને આધુનિક સ્વરૂપ આપવા ચીફ મિનિસ્ટરે પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશીપ યોજના શરૂ કરી છે. એવી જ રીતે રેલ્વેલાઈનમાં પણ આ જ ધોરણ અપનાવ્યું છે. રાજયના દરિયા કિનારાના શહેરોને વિકસાવવા તેમજ ૧૦ નવા પોર્ટના ડેવલપમેન્ટ માટે આનંદીબેને પ્રાઈવેટ પ્લેયર્સને પસંદ કરવાનું નક્કી કર્યું છે. કચ્છ અને અન્ય લોકેશનમાં આવેલા ઉદ્યોગોની જરૂરિયાત માટે ડિસેલિનેશન પ્લાન્ટ નાંખવાનો એક પ્રોજેક્ટ મંજૂરીના તબક્કામાં છે.

**આઠ શહેરોમાં ટ્વિન સિટીનું ખ્વાબ ...**

રાજયના શહેરોની પાણીની સમસ્યાના નિવારણ માટે વોટર સપ્લાય સિસ્ટમ અને ગટરલાઈનના કામો ચાલી રહ્યા છે. રાજયના નવા રસ્તાઓ, રસ્તાઓનું વિસ્તરણ તેમજ મરામત કામ માટે બીઓટીનું ધોરણ અપનાવી વાયેબિલિટી ગેપ ફંડની રચના કરી છે. ઈરિગેશન માટે મિની હાઈડ્રો પાવર પ્રોજેક્ટની વિચારણા કરવામાં આવી છે. ડીએમઆઈસી અને ડીએફસીના વિસ્તારમાં મલ્ટી મોડલ લોજીસ્ટીક પાર્કનું આયોજન છે. અર્બન ટ્રાન્સપોર્ટેશનમાં બીઆરટીએસ, મેટ્રો અને એલઆરટીએસ મોડલ અપનાવ્યું છે. અમદાવાદમાં સ્લમ ડેવલપમેન્ટ પ્રોજેક્ટ ચાલી રહ્યો છે તેવો અન્ય શહેરોમાં કાર્યરત થાય તેવું સરકારે વિચાર્યું છે. રાજયના આઠ શહેરોનો વિકાસ ટ્વિટ સિટી તરીકે કરવાનો આનંદીબેન પટેલનો ઈરાદો છે.

આનંદીબેન એવું માને છે કે ધોલેરા સર અને સ્માર્ટ સિટી એ નવી જનરેશનના પ્રોજેક્ટ છે જેમાં વર્લ્ડ ક્લાસ સુવિધા આપવામાં આવશે. ડેડિકેટેડ ફ્રેઈટ કોરિડોર એ નવા ઉદ્યોગોને પ્રોત્સાહન આપશે. જયારે દિલ્હીમુંબઈ ઈન્ડસ્ટ્રીયલ કોરિડોરથી ગુજરાતની દિશા અને દશા બદલાઈ શકે છે. ૧૬ જેટલા સ્પેશ્યલ ઈન્વેસ્ટમેન્ટ રિજીયનથી ગુજરાતમાં રોજગારની નવી તકો ખૂલશે. વિવાદથી પર રહીને મહિલા ચીફ મિનિસ્ટર રાજયનું શાસન ચલાવી રહ્યા છે. જો કે વફાદારો બદલાતા રહે છે.!